આજોલથી યુવતીના બે અપહરણકર્તા ઝડપાયા

ગાંધીનગર પોલીસે માત્ર આઠ કલાકમાં અપહરણનો મામલો ઉકેલી નાંખ્યો : યુવતીનો પ્રેમી અને તેના સાગરીતની સંડોવણી

ગાંધીનગર, તા. ૨૮

અમદાવાદના સૈજપુરમાં રહેતી યુવતી મામાના ઘરે રહેવા ગઈ હતી તે દરમ્યાન તેના પ્રેમીએ તેણીની ઉતારેલી ક્લીપીંગથી બ્લેકમેઈલ કરીને મિત્ર સાથે મળી માણસામાં આજોલ ગામેથી યુવતિનું અપહરણ કરી લીધું હતું અને તેણીના પિતાને ફોન કરી પાંચ લાખની ખંડણી માંગતા ચકચાર મચી છે. ઘટનાની જાણ માણસા પોલીસ અને ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા ઉષા રાડાને થતાં આઠ કલાકમાં સમગ્ર ઓપરેશન પાર પાડી યુવતીને અપહરણકારના ચૂંગાલમાંથી છોડાવી તેણીના પ્રેમી અને તેના મિત્રને ઝડપી પાડ્યા છે. જ્યારે અપહરણના ગુનામાં અન્ય કોઈ આરોપી સંડાવાયેલા છે કે નહી તે જાણવા માટે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના સૈજપુર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષિય યુવતીએ તાજેતરમાં જ ધો. ૧૨ની પરીક્ષા આપી છે. આ યુવતી છેલ્લા થોડા દિવસોથી માણસાના આજોલ ગામમાં રહેતા તેના મામાના ઘરે રહેવા માટે આવી હતી. દરમ્યાનમાં ગઈકાલે રાત્રે યુવતીના પિતા ઉપર અમજદખાન પઠાણ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તમારી દીકરી જીવતી પાછી જોઈતી હોય તો પાંચ લાખ રૂપિયા આપો. અને બે કલાક પછી ફોન કરવાની વાત કરી હતી. ત્યારબાદ યુવતિના પિતાએ આજોલમાં તપાસ કરાવતાં તે ગાયબ હોવાનું જાણવા મળતાં પરિવારમાં દોડધામ મચી ગઈ હતી. જેથી પરિવારજનોએ માણસા પોલીસમથક પહોચ્યા હતા જ્યાં પીઆઈ બી.એન. દવે સમક્ષ પુત્રીના અપહરણ અને ખંડણી અંગેની વાત કરતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. અને તુરતં જ આ ઘટના અંગે ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા ઉષા રાડાનું ધ્યાન દોરતાં તેમણે બનાવને ગંભીરતાથી લઈ ટીમો બનાવી દીધી હતી. રેન્જ આઈજી સમસેરસિંહે પણ આ બાબતનું સુપરવિઝન શરૂ કરી દીધું હતું. પોલીસે તુરંત જ યુવતીના ભુતકાળની તપાસ શરૂ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, તેની પાડોશમાં જ રહેતા જગદીશ રામમિલન યાદવ નામના શખ્સ સાથે તેનો પ્રેમ સંબંધ હતો અને જે સમયે તેણીની ક્લીપીંગ જગદીશે ઉતારી લીધી હતી. જેથી પોલીસને જગદીશ ઉપર પણ શંકા ગઈ હતી. અને રાત્રે જ જગદીશ ઉપર વોચ ગોઠવી હતી. ત્યારબાદ પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે જગદીશનો મિત્ર ગાંધીનગરના વાવોલમાં રહેતો અજય માળી આ યુવતીને લઈ ફરી રહ્યો છે જેથી કલોલ ખાતેથી યુવતી અને આ યુવકને પકડી લીધી હતી અને અજયની ધરપકડ કરી હતી. જ્યારે આ સમગ્ર અપહરણનો પ્લાન ઘડનાર જદીશ યાદવની પણ ધરપકડ કરવામાં આવી હતી. ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા ઉષા રાડાએ આ સમગ્ર ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યુવતી અને જગદીશ વચ્ચે સંબંધો હતા પરંતુ યુવતીના માતાપિતા લગ્ન માટે તૈયાર થતા નહોતા જેથી જગદીશે તેણીનું અપહરણ કરી તેના પિતા પાસેથી પાંચ લાખની ખંડણી માંગવાનું વિચાર્યું હતું અને યુવતીના અપહરણથી તે બદનામ થઈ જશે અને તેની સાથે લગ્ન કરાવવા પરિવારજનો તૈયાર પણ થઈ જશે. આ પ્લાન મુજબ જગદીશે તેના મિત્ર

● અનુસંધાન પાના-૭ પર

તસવીર : દિપક જાની

ભારતીય બૌધ્ધ મહાસભાની પહેલીએ ગાંધીનગરમાં બેઠક

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય બૌધ્ધ મહાસભાની ગાંધીનગર જિલ્લા અને તાલુકા કક્ષાની સમિતિઓ બનાવવા અને આગામી કાર્યક્રમોની ચર્ચા કરવા માટે પહેલી મે ના રોજ સાંજે પાંચ વાગે 'પ્રેરણાભૂમિ' ડૉ. આંબેડકર પ્રતિભા સંકુલ વિધાનસભા સામે ચ-૪ ગાંધીનગર મળશે. પ્રો. તુષાર સંબોધિ, કલ્પેશ ચૌહાણ, વી.કે. નાગપુરકરે જણાવેલ છે. વિશેષમાં જણાવવાનું કે આ સંસ્થાની ૧૯૫૪માં ડૉ. બાબા સાહેબ આંબેડકરે કરેલી છે. જેની પ્રદેશ શાખા ગુજરાતમાં શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે.

ગાંધીનગરના ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના પ્રમુખપદે દષ્યંતકુમાર શ્રીમાળીની વરણી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર ઘટકની સામાન્ય સભા અધ્યક્ષ સ્તાને મળેલ હતી. આ બેઠકમાં આગામી બે વર્ષના હોદેદારોની વરણી કરવામાં આવતા પ્રમુખ તરીકે શ્રી દુષ્યંતકુમાર બી. શ્રીમાળી અને મહામંત્રી તરીકે શ્રી સુખાનંદભાઈ શ્રીમાળીની વરણી કરવામાં આવી છે.

સામાન્ય સભામાં તેજસ્વી તારલાનું સન્માન વડીલ વંદના કાર્યક્રમ સંસ્થાના પચીસ વર્ષ પૂર્ણ થતાં દબદબાપૂર્વક ઉજવણી કરવાની ચર્ચા કરવામાં આવી હતી. રાજય કક્ષાના મહામંત્રી શ્રી, ગૌતમભાઈ ગેડિયાએ સંગઠનને મજબૂત બનાવવા માટે જણાવ્યું હતું.

કલીપીંગ ફરતા કલોલની યુવતીએ બળાત્કારની ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં યુવતીને એક મહિના અગાઉ કલોલનો જ યુવાન બાઈક ઉપર બળજબરીથી બેસાડીને પેથાપુર લઈ આવ્યા બાદ ગેસ્ટહાઉસમાં યુવતી સાથે બળજબરીથી સંબંધ બાંધ્યા બાદ આ યુવતીની નગ્ન અવસ્થામાં કલીપ ઉતારી લીધી હતી અને જો આ બાબતની કોઈને જાણ કરી તો કલીપ ફરતી કરી દઈશ તેવી ધમકી પણ યુવતીને હવસખોર યુવાને આપી હતી. પરંતુ આ કલીપ છેલ્લા અઠવાડીયાથી કલોલ શહેરમાં ફરતી થઈ ગઈ તેથી યુવતી અને પરિવારજનો ચિંતામાં મુકાયા હતા અને આ અંગે ગઈકાલે પેથાપુર પોલીસ મથકમાં યુવાન સામે બળાત્કારનો ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

હાલના સમયમાં સગીરા યુવતીઓને લલચાવી-ફોસલાવી કેપછી બળજબરીથી તેમની સાથે શરીર સંબંધ બાંધી દેતા હવસખોરોની સંખ્યા વધી રહી છે ત્યારે આવા વિકૃત યુવાનો દ્વારા તેમનું કુકર્મ બહાર ના આવે તે માટે યુવતીઓને બ્લેકમેલ કરવા મોબાઈલથી કલીપીંગ ઉતારવાના કિસ્સા પણ પ્રકાશમાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં રહેતી યુવતિને પણ બળજબરીથી પેથાપુરના ગેસ્ટહાઉસમાં લઈ આવી તેની નગ્ન કલીપીંગ ઉતારી લેવાના યુવાનના હીન કૃત્યથી ચકચાર મચી જવા પામી છે. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે કલોલ શહેરમાં રહેતી યુવતીને નજીકમાં જ રહેતાં પાનના ગલ્લાવાળા યુવાન મુકેશ અશોકભાઈ મકવાણા સાથે પરિચય થયો હતો. એક મહિના અગાઉ યુવતીને મુકેશ બળજબરીથી બાઈક ઉપર બેસાડીને ગાંધીનગર નજીક આવેલા પેથાપુરના ગેસ્ટહાઉસમાં લઈ આવ્યો હતો અને આ યુવતિની મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ નગ્ન અવસ્થામાં રહેલી યુવતીની ક્લીપીંગ ઉતારી લીધી હતી અને જો આ બાબતે તેણી કોઈને કહે તો ક્લીપીંગ જાહેરમાં ફરતી કરી દેવાની ધમકી આપી હતી. આ યુવતીને પરત કલોલ લઈ આવ્યો હતો. ગભરાઈ ગયેલી યુવતી પરિવારજનોને કાંઈ કહી શકે તેવી દશામાં રહી નહોતી. છેલ્લા અઠવાડીયાથી આ યુવતિની ક્લીપીંગ કલોલ શહેરમાં ફરતી થઈ ગઈ હોવાની જાણ યુવતીને થતાં ભાંગી પડી હતી અને આ ઘટના અંગે તેણે તેના પરીવારજનોને વાકેફ કર્યા હતા. પરિવારજનો ઉપર પણ આ ઘટનાથી આભ ફાટયા જેવી સ્થિતિ સર્જાઈ હતી. હિંમત દાખવીને યુવતીના પરિવારજનો અને યુવતી ગઈકાલે પેથાપુર પોલિસસ્ટેશન આવી પહોંચ્યા હતા. પીએસઆઈ એમ. આર. વસાવાને સઘળી હકીકત જણાવતાં પોલીસે બળાત્કારી યુવાન મુકેશ મકવાણા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવા માટે તપાસ શરૂ કરી છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારી બેઠક મળી

ગાંધીનગર, તા.૨૮

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારીની બેઠક ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને વિરચંદભાઈ બી. પરમારના સેક્ટર-૩-એ-ન્યુખાતેના નિવાસસ્થાને સંપન્ન થઈ હતી.

સૌ પ્રથમ અગાઉની બેઠકની કાર્યવાહી નોંધ મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા રજૂ કરવામાં આવી, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

સેન્ટર ફોર બજેટ અને ગવર્નન્સ એકાઉન્ટીબ્લીટી, ન્યુ દિલ્હીએ કરેલા અભ્યાસ મુજબ છેલ્લા ઘણા વર્ષોથી પ્લાનીંગ કમીશનની સૂચના અનુસાર અનુસૂચિત જાતિ/જનજાતિની વસતિના પ્રમાણમાં અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવતી ન હોઈ અને ખર્ચ પણ કરવામાં આવતો નથી. આ બાબતે પ્લાનીંગ કમિશનની સૂચનાઓ મુજબની જોગવાઈ અને ખર્ચ કરવા વડાપ્રધાનને તથા મુખ્યમંત્રીને પાઠવવામાં આવેલા આવેદનપત્રોથી મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ'એ સભ્યોને વાકેફ કર્યા હતા.

નેશનલ કમિશન ફોર એસ.સી. જ્યારે પણ ગુજરાતની મુલાકાત લે ત્યારે ગુજરાતના અનુસૂચિત જાતિના પ્રશ્નોની રજુઆત માટે આ સંસ્થાને અચૂક આમંત્રણ આપવા માટે કમીશનને વિનંતી કરવાનું ઠરાવ્યું હતું.

સને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં ૪૦ ટકા ઘરોને ટોઈલેટની સગવડ આપવામાં આવી નથી. જેમાં મુખ્યત્વે દલિતો અને ગરીબ લોકોને લગવડ આપવામાં આવી નથી તેમજ ગુજરાતમાં ૨૯.૨ ટકા ઘરોને ટ્રીટમેન્ટ આપ્યા વગરનું પાણી આપવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રમાણ ૧૧.૬ ટકા છે. સરકાર ગુજરાત નંબર-૧ નાં બણગાં ફૂંકે છે, પરંતુ દલિતો અને દલિત જેવી અન્ય કોમોને પીવાલાયક પાણી આપવામાં આવતું નતી, તે ગુજરાતના મુખ્યમંત્રી માટે શરમજનક બાબત કહેવાય. આ બાબતે સરકારમાં રજૂઆત કરવાનું ઠેરવ્યું હતું.

ગુજરાતમાં વીજળી સરપ્લસ હોવાના બણગાં ફૂંકાય છે, પરંતુ છેલ્લી માહિતી મુજબ રાષ્ટ્રીયકક્ષાએ માત્ર ૦.૫ ટકા ઘરોને વિજળી મળતી નથી, જયારે ગુજરાતમાં આનું પ્રમાણ એક ટકો છે, જેમાં ગરીબ લોકોનો સમાવેશ થાય તે માટે તાત્કાલિક ધોરણે તમામ ઘરો/ઝુંપડાં વિગેરે વિજળી આપવા સરકારશ્રીમાં રજૂઆત કરવાનું ઠરાવ્યું હતું. ગરીબ અને નિઃસહાય બાળકોના શિક્ષણ સંદર્ભે મળતા લાભ અને જરુરી નિર્ણયોની સમીક્ષાત્મક રજૂઆત કરી વિકાસાત્મક કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો.

એસોસિએશનના સને ૨૦૧૧-૧૨ના હિસાબો તાત્કાલિક તૈયાર કરી, મે માસની કારોબારી બેઠકમાં મંજૂરી અર્થે રજૂ કરવાનું ખજાનચી પાનાચંદ વણકરને જણાવવામાં આવ્યું હતું. વિરચંદભાઈ બી. પરમાર દ્વારા કરવામાં આવેલી સભાની સગવડ તથા સરભરા બદલ સંસ્થાના કારોબારી સભ્ય દિનકરભાઈ પરમાર દ્વારા સંસ્થા વતી આભાર માનવામાં આવ્યો હતો.

પેન્શનરોને મોંઘવારી સંદર્ભે તીવ્ર આક્રોશ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૨માં નિવાસ કરતાં પેન્શનર મિત્રોની મિટીંગ પ્રચાર મંત્રી શ્રી નિરંજન ઓઝાના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં હાજર રહેલાં સભ્યશ્રી હસમુખભાઈ ઠાકરના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રવર્તમાન મોંઘવારીનાં સદર્ભમાં કુટકેને ભુસકે વધી રહી છે. જેથી પેન્શનર સમાજના પરિવારજનોને બે છેડા ભેગા કરવા માટે અથાગ પ્રયત્નો કરવા પડે છે. જેથી કાળા બજાર, નફાખોરી, સંગ્રહખોરી અટકાવવા માટેનાં પગલાં ભરવા માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સમક્ષ રજૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું હતં.

બેઠકમાં પેન્શનરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

પાટનગર યોજના ભવનના બગીચાની લાઈટો બંધ રહેવાથી પરેશાની

ગાંધીનગર, તા. ૨૮

ઉનાળો જામતો જાયછે તેમ રાત્રે ગાંધીનગરના વસાહતીઓ રાત્રિના સમયે ગરમીથી છુટકારો મેળવવા માટે ફરવા નીકળે છે. ઘ-૪, ઘ-૫ તથા ઘરોડ ઉપર કુટુંબો બાળકો સાથે રાત્રિના સમયે ફરવા નીકળે છે. ત્યારે કામધેનુ, પાટનગર યોજના ભવનની લોનમાં ગોઠવેલી વીજળી છેલ્લા કેટલાક સમયથી બંધ રહે છે. જેથી બાળકોની મજાનો મૂડ માર્યો જાય છે. તો પાટનગર યોજના ભવનની લોન બગીચાની લાઈટો સત્વરે ચાલુ કરવાની જરૂર છે. કેટલીયે રજુઆતો છતાં લાઈટો ચાલુ થતી નથી. તેથી આ વિસ્તારના લોકોમાં રોષ ફેલાયેલો છે.

બાપા સીતારામ ફાઉન્ડેશન દ્વારા બગદાણાની દર્શનયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

બાપા સીતારામ ફાઉન્ડેશન સંસ્થાના ટ્રસ્ટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૫મી મે ૨૦૧૨ને શનિવારના રોજ સવારે ૫ કલાકે ગાંધીનગરથી બગદાણા સુધીનો નિઃશુલ્ક પ્રવાસ યોજાશે. પરમ પૂજય સંતશ્રી બજરંગદાસ બાપાના દર્શન કરવા ગાંધીનગરના બાપા સીતારામ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા મંદબુધ્ધિના બાળકો, વડીલો અને સ્નેહીઓ મળીને કુલ ૬૦ જેટલા સભ્યો જશે. પૂર્ણિમાના દિવસે બાપા સીતારામના દર્શન કરી સૌ ભકતો ધન્યતા અનુભવશે.

અમે તો ગાંધીનગરનું ઋણ ચૂકવી રહ્યા છીએ

દ્રશ્ય પહેલું : એક સાંસ્કૃતિક કાર્યક્રમ પહેલાં ડાયસ કાર્યક્રમ ચાલી રહ્યો છે અને સ્ટેજ ઉપર સંસ્થાના પ્રમુખ-મંત્રી કે સંચાલકો નથી બેઠા, સમાજના કોઈ સન્માનનીય વડીલો બેઠા છે, પ્રમુખ-મંત્રી તો શાંતિપૂર્વક ઑડિયન્સ સાથે બેસીને કાર્યક્રમ માણી રહ્યા છે.

દ્રશ્ય બીજું : વડીલોનું સ્વાગત એક સાથે જ કુમકુમ તિલકથી કરવામાં આવે છે અને મંદિરમાં ભગવાનને ચડેલા ફૂલહાર પ્રસાદીરૂપે તેમને અર્પણ કરવામાં આવે છે.

દ્રશ્ય ત્રીજું : શહેરમાં અગાઉ ક્યારેય ન યોજાયો હોય એવો શાનદાર હૉર્સ શો યોજાય છે.

દ્રશ્ય ચૉથું : શહેરના કોઈ વૃધ્ધાશ્રમ કે અનાથાશ્રમ માટે અનાજની જરૂરિયાત ઊભી થઈ છે એવી જાણ કરવામાં આવતાં જ સંસ્થાના સક્રિય હોદેદારોની ટીમ સતર્ક થઈ જાય છે અને ચાર દિવસમાં જ સમાજમાંથી અનાજની એકત્ર થઈને જરૂરિયાતમંદ સુધી પહોંચી જાય છે.

દ્રશ્ય પાંચમું : સારા-માઠા પ્રસંગે તૈયાર કરવામાં આવેલી રસોઈ વધે છે, શું કરવું એ સમજાતું નથી, બગડે એ ગમતું નથી. નગરની એક સંસ્થાનો સંપર્ક કરતાં જ કલાકમાં હોદેદારો મોટાં તપેલાં લઈને હાજર થઈ જાય છે અને વધેલી રસોઈ લઈ જઈ તરત જ ગરીબોમાં વહેંચી દે છે.

આ સઘળાં દ્રશ્યોનું સર્જન એક જ સંસ્થા દ્વારા થયું છે, જેનું પાવન નામ છે : સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ.

જાણવા જેવી વાત એ છે કે જ્યારે સંસ્થાની શરૂઆત થઈ ત્યારે એનું નામ સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ હતું, પરંતુ એ સંસ્થાને સૌરાષ્ટ્ર સમાજ સેવા નામની સંસ્થા ઊભી કરીને તેમાં ભેળવી દેવામાં આવી. પરંતુ, નામ તો પડી ગયું એ પડી ગયું. હજુય સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળના નામથી જ ઓળખાય છે. અને એ ઓળખાય એમાં સંચાલકોને કોઈ વાંધો પણ નથી. કારણ કે એમને તો સંસ્થાના નામ સાથે નહીં, પ્રવૃત્તિ સાથે સંબંધ છે.

પ્રવૃત્તિઓ પણ કેવી ? જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના લોકોની સંસ્કૃતિ ઝળકે, ખાનદાની ઝળકે, ઔદાર્ય ઝળકે, સેવાભાવના ઝળકે અને એ સાથે જ નવી પેઢીને આવા ઉચ્ચ આદર્શો આત્મસાત કરવાની તક મળે !

'અમે ભલે સૌરાષ્ટ્ર-કચ્છથી આવ્યા છીએ. પણ અત્યારે રહીએ છીએ તો ગાંધીનગરમાં, ગાંધીનગરે અમને રાખ્યાં છે, સાચવ્યાં છે. વળી, અમારાં

સંબંધ સજાવે જિંદગી

હરતાં-ફરતાં સાવ અચાનક

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

સંતાનો અહીં જ જન્મ્યાં છે. એમના માટે તો આ જ વતન છે. આવા શહેરનું ઋણ કેમ કરીને ઉતારી શકીએ ? એ જ અમારા ચિંતનનો વિષય. અને એટલે જ અમારી સૌરાષ્ટ્ર-કચ્છની સેવા અને સંસ્કૃતિની પ્રવૃત્તિઓ અમે અહીં આરંભી છે. એ દ્વારા અમે ગાંધીનગર પ્રત્યે અમારી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.'

જાણવા જેવી વાત એ છે કે સંસ્થાનું સભ્યપદ સૌરાષ્ટ્ર-કચ્છના જ સભ્યો લઈ શકે એવું નથી. ગાંધીનગરમાં વસતા કોઈપણ નાગરિક આ સંસ્થાનું સભ્યપદ લઈ શકે છે. કારણ ? એનું મૂળ નામ. 'સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ.'

અને હા, સભ્યપદ એટલે વ્યક્તિગત ફી બે-ચાર હજાર નહીં. આ સંસ્થા કૌટુંબિક ફી લે છે. મતલબ કે એકવાર ૩૦૦ રૂપિયા આપો એટલે એક વર્ષ માટે આખું કુટુંબ સભ્ય થઈ ગયું ! તોય પાછી ઉદારતા તો એટલી કે કેમ કરીને આ ફીના રૂપિયા સભ્યોને પરત આપી દેવાય. વર્ષમાં તેજસ્વી તારાલાઓનો સન્માન સમારોહ યોજીને તારલાઓને ઇનામ પેટે આ રકમ પરત કરીને એવો પ્રયાસ કરી પણ જ દેવામાં આવે છે.

તેમ છતાં મોટા અને ખર્ચાળ કહી શકાય તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને અત્યંત ખર્ચાળ કહી શકાય તેવી સેવાની પ્રવૃત્તિઓમાં ક્યારેય ઓટ નથી આવી, ઊલ્ટું તેમની સંખ્યા વધતી જાય છે. એ કેવી રીતે શક્ય બને છે ? જવાબ છે : 'સમાજ છે ને બાપલા. સમાજ ભરી જાય છે અમારી ઝોળી ને અમેય કોઈની ઝોળી ખાલી ન રહે એવો પ્રયત્ન કરીએ છીએ.'

૨૩૦૦ જેટલાં કુટુંબોની સભ્ય સંખ્યા ધરાવતી આ સંસ્થાના ૭૯ સભ્યો કોઈપણ પ્રકારની સેવા માટે હંમેશા તત્પર રહે છે અને પોતાના કે સંસ્થાના નામની કોઈ જ અપેક્ષા વિના સેવા કરે છે. સૌરાષ્ટ્ર-કચ્છનું આ ખમીર અને એમની ગાંધીનગરનું ઋણ ચૂકવવાની આ વિનમ્ર ભાવના. એટલે જ અહીં પણ પોતાનાં નામ ન પ્રગટ થાય એવી તકેદારી એમણે લીધી છે. સંસ્કાર ઝળકવા જોઈએ સાહેબ, સંસ્થા નહીં. પ્રવૃત્તિ ઝળકવી જોઈએ, નામ નહીં !

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪

સૂર્યાસ્ત : ૦૭.૦૩

તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦

સ્ક્રીન-૩ : તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫

સ્ક્રીન-૪ : લાઈક કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ : વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫

સ્ક્રીન-૪ : હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- બપોરે ૧.૦૦ કલાકે ગુજરાત સેનવા રાવત વિકાસ સંઘ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ

ટાઉન હોલ

- સવારે ૯.૦૦ કલાકે લોક સેવા ટ્રસ્ટ દ્વારા સામાજિક કાર્યક્રમ.

સામાજિક

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પ્રથમ યજ્ઞોપવિત અને સમૂહ લગ્નનું આયોજન બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે યોજાશે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : ગુસ્સા અને આવેશ ઉપર સંયમ રાખવો. સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે. વેપાર અર્થે પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : સામાજિક ક્ષેત્રોથી લાભ અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ગૃહ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબીજનો સાથે આનંદથી દિવસ પસાર થઈ શકે છે.

મિથુન : કૌટુંબીક જીવનમાં વિખવાદ ઉભો ન થાય તેનું ધ્યાન રાખવું. મકાન- જમીનની ખરીદી થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

કર્ક : સફળ યાત્રા-પ્રવાસ થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

સિંહ : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થતી જણાય. ભાગ્યોદયનો સાથ સહકાર મળી રહે. ભૌતિક સુખ સુવિધાઓમાં વધારો થતો જણાય.

કન્યા : સંપતિની ખરીદારીમાં લાભ થઈ શકે છે. નવા વિચાર અથવા યોજનાઓ પર આગળ વધવાની રાહ મળી શકે છે. રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

તુલા : રોજગારીલક્ષી નવી તકો ઉભી થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. નોકરીમાં માન સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. સ્થાયી સંપતિ, જમીન- મકાન ખરીદી આકાંશા પૂર્ણ થતી જણાય. વ્યવસાય ક્ષેત્રમાં લાભના યોગો પ્રબળ બનતા જણાય.

ધન : આટવાયેલા નાણાં પરત મળી શકે છે. ભૂમિ, મકાન વગેરે ખરીદીના યોગ બનશે. શિક્ષાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી, નહીં તો હાનિ પહોંચી શકે છે.

મકર : જમીન સંબંધી કાર્યની બાબતમાં કાળજી રાખવી. નવી યોજનાઓનું આયોજન થઈ શકે છે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી મેળવવો હિતાવહ રહેશે. વ્યવસાયિક લાભ મળી શકે છે. કોઈથી ભેટ મળે તેવી શકયતા છે.

મીન : સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. શુભ સંદેશ તેમને નવી દિશા આપશે. કૌટુંબીક સમસ્યાઓ ઉભી ન થાય તેની કાળજી રાખવી. આવક કરતાં ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું.

ચિરવિદાય

- સ્વ. નાગજીભાઈ ગાંડાભાઈ પુરતીયા (ઉ.વ. ૭૦) બ્લોક નં. ૧/૨, 'ચ' ટાઈપ, સેકટર-૧૨, ગાંધીનગર.
- સ્વ. બાબુભાઈ કાળાભાઈ રાવળ (ઉ.વ. ૬૯) બ્લોક નં. ૨૯/૨, 'ચ' ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. મનુભાઈ મોહનભાઈ શ્રીમાળી (ઉ.વ. ૫૮) બ્લોક નં. ૨૦/૨, 'છ' ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. સોમેશ્વર પુંજારા પંડ્યા (ઉ.વ. ૮૦) ૫-ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.